BAJAJ FINSERV

## સૌથી મહત્વના નિયમો અને શરતો (એમઆઇટીસી)

મંજૂરી પત્ર, લોન એગ્રીમેન્ટ ("**લોન એગ્રીમેન્ટ**"), ટોપ-અપ લોન પરિશિષ્ટ, વિતરણ પત્ર અને/અથવા અન્ય ડૉક્યૂમેન્ટ, જો કોઈ હોય, (સામૂહિક રૂપે "**લોન ડૉક્યૂમેન્ટ**"તરીકે ઓળખાય છે) તેમાં વિગતે જણાવ્યા મુજબ બજાજ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ ("**બીએચએફએલ**" અથવા "**ધિરાણકર્તા**") અને કરજદાર ("**કરજદાર**" અથવા "**ગ્રાહક**") વચ્ચે સંમત થયેલ નિયમો અને શરતોને અનુલક્ષીને, આ એમઆઇટીસીમાં મુખ્ય નિયમો અને શરતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

આ એમઆઇટીસીને લોન ડૉક્યૂમેન્ટનાં નિયમો અને શરતો સાથે સંયોજનમાં વાંચવું આવશ્યક રહેશે. કરજદાર દ્વારા લીધેલી લોનને લોન ડૉક્યૂમેન્ટ દ્વારા સંચાલિત કરવામાં આવશે. અહીં સ્થાપિત એમઆઇટીસી અને લોન ડૉક્યૂમેન્ટ વચ્ચે કોઈ વિરોધની સ્થિતિમાં, લોન ડૉક્યૂમેન્ટના નિયમો અને શરતો અંતિમ માન્ય ગણાશે.. અમે ગ્રાહકના લૉગ-ઇન ક્રેડેન્શિયલ (યૂઝર આઇડી અને પાસવર્ડ) જારી કરીશું, જેના માધ્યમથી ગ્રાહક લોન એગ્રીમેન્ટ ઍક્સેસ કરી શકે છે. જો ગ્રાહક પોર્ટલ પર લોન એગ્રીમેન્ટ ઍક્સેસ કરવામાં સક્ષમ ન હોય, તો લોન એગ્રીમેન્ટની કૉપી પ્રદાન કરવા માટે વિનંતી કરી શકાય છે અને ત્યારબાદ લોન એગ્રીમેન્ટની ફોટોકૉપી પ્રદાન કરવામાં આવશે.

**એપ્લિકેશન નંબર.:** ____________________________

**લોનની પ્રકૃતિ:** ☐ સુરક્ષિત લોન ☐અસુરક્ષિત લોન

**લોનનો પ્રકાર:** ☐ ફ્રેશ/ પરચેઝ ☐બીટી ☐બીટી+ ટૉપ-અપ ☐ટૉપ-અપ

1. **લોન રકમ:**

2. **વ્યાજ પ્રકાર:**

   ☐ ફ્લોટિંગ રેટ: ☐ બીએચએફએલ ફ્લોટિંગ રેફરેંસ રેટ (એફઆરઆર) ☐ રેપો રેટ અથવા ☐ રેપો એક્સટર્નલ બેન્ચમાર્ક લિંક્ડ લેન્ડિંગ રેટ ("આરઇબીએલઆર")

   ☐ ફિક્સ્ડ રેટ

   ☐ ડ્યુઅલ રેટ (ફિક્સ્ડ + ફ્લોટિંગ)

**વ્યાજનો દર:**

- ફ્લોટિંગ રેટ:

| | |
|---|---|
| ફ્લોટિંગ માટે | ____ % વાર્ષિક (એફઆરઆર / રેપો / આરઇબીએલઆર____% +/- ___% સ્પ્રેડ) |

- ડ્યુઅલ રેટ (ફિક્સ્ડ + ફ્લોટિંગ)

| | |
|---|---|
| ડ્યુઅલ રેટ (ફિક્સ્ડ + ફ્લોટિંગ) માટે: | ફિક્સ્ડ: _____% વાર્ષિક, _____મહિનાની મુદત માટે, ત્યારબાદ |
| | ફ્લોટિંગ: ____ % વાર્ષિક (એફઆરઆર/ રેપો / આરઇબીએલઆર____% +/- ___% સ્પ્રેડ) |

કરજદાર સંમત થાય છે કે વાર્ષિક વ્યાજ દરની ગણતરી ફ્લોટિંગ રેટની મુદત શરૂ થવાની તારીખે લાગુ પડતા બીએચએફએલ એફઆરઆર, રેપો દર અને/અથવા આરઇબીએલઆરના આધારે કરવામાં આવશે.

**મોરાટોરિયમ અથવા સબસિડી:**

**વ્યાજ રિસેટ કરવાની તારીખ (જો કોઈ હોય તો):**

**વ્યાજ દરમાં ફેરફારના કમ્યુનિકેશનના માધ્યમ:** બીએચએફએલ લોનની મુદત દરમિયાન, કરજદારને યોગ્ય સૂચના આપીને, બીએચએફએલ એફઆરઆર અથવા બાહ્ય એક્સટર્નલ (એક્સટર્નલ બેન્ચમાર્ક લિંક્ડ લોન માટે) અથવા આરઇબીએલઆર અથવા આંતરિક પૉલિસીમાં ફેરફારોને કારણે અથવા નિયમનકારી આવશ્યકતાઓને કારણે અથવા ડિફોલ્ટની ઘટનાને કારણે, એગ્રીમેન્ટ હેઠળ, ધિરાણકર્તા દ્વારા આવશ્યક ડૉક્યૂમેન્ટ, જે કરજદાર દ્વારા અમલમાં મૂકવા / પ્રદાન કરવાના રહેશે, તે કરજદાર દ્વારા પ્રદાન કરવામાં / અમલમાં મૂકવામાં થનાર વિલંબના કારણ સહિત પરતું અહીં સુધી મર્યાદિત ના રહેતા અન્ય કારણ સહિત સમય સમય પર વ્યાજ દરમાં વધારો કે ઘટાડો કરવા માટે હકદાર છે. વ્યાજ દરમાં કોઈપણ સુધારો-વધારો આગામી સમયથી અસરકારક રહેશે. તમામ ફ્લોટિંગ વ્યાજ દર પ્રકારની લોનના અન્ય ઘટકોની સમીક્ષા ત્રણ વર્ષમાં એકવાર કરી શકાય છે અને જો જરૂરી હોય તો તેમાં ફેરફાર કરી શકાય છે. બીએચએફએલ વ્યાજ દરમાં આવા ફેરફારની જાણ, કરજદારને તેમના રજિસ્ટર્ડ કમ્યુનિકેશન ઍડ્રેસ પર પત્ર મોકલીને/ રજિસ્ટર્ડ ઇ-મેઇલ આઇડી પર મેઇલ મોકલીને/ રજિસ્ટર્ડ મોબાઇલ નંબર પર મેસેજ મોકલીને અને/ અથવા તેમની વેબસાઇટ પર અપડેટ કરીને કરશે. ઉપર ઉલ્લેખિત કોઈપણ બે વૈકલ્પિક કમ્યુનિકેશન પદ્ધતિઓ દ્વારા કરેલ આ કમ્યુનિકેશન, કરજદારને પર્યાપ્ત સૂચના આપી ગણાશે. જો આવા ફેરફાર કરજદારના હિતમાં ના હોય, તો કરજદાર 60 દિવસની અંદર અને સૂચના આપ્યા વિના અને કોઈપણ અતિરિક્ત શુલ્ક કે વ્યાજની ચુકવણી કર્યા વગર લોન એકાઉન્ટ બંધ કરી શકે છે.

વાર્ષિક વ્યાજ દરમાં કોઇપણ સુધારાની સ્થિતિમાં, તમારી પાસે વ્યાજ દર રીસેટ સમયે તમારી લોનને ફ્લોટિંગ રેટમાંથી ફિક્સ્ડ રેટ અને તેનાથી વિપરિત પર સ્વિચ કરવાનો વિકલ્પ છે. ફ્લોટિંગ લોનને ફિક્સ્ડ રેટ લોનમાં સ્વિચ કરવા માટે, બાકી મુદ્દલની 1% (જીએસટી સિવાય) સુધીની કન્વર્ઝન ફી + વિતરિત ન થયેલ લોનની રકમ/ફ્લેક્સી મર્યાદા વસૂલવામાં આવશે અને આવા ફેરફારને અસર કરવા માટે તે અપફ્રન્ટ ચૂકવવાપાત્ર રહેશે. વધુમાં, એવું સ્પષ્ટ કરવામાં આવે છે કે ફ્લોટિંગ વ્યાજ દરથી ફિક્સ્ડ વ્યાજ દરમાં રૂપાંતર થયા પછી, લાગુ ફિક્સ્ડ વાર્ષિક વ્યાજ દર 200 બીપીએસ, એટલે કે કન્વર્ઝન પહેલાં લાગુ ફ્લોટિંગ વાર્ષિક વ્યાજ દર કરતાં 2% (બે ટકા) વાર્ષિક ધોરણે વધુ રહેશે. અરજદાર(રો) તરફથી લેખિતમાં આવી વિનંતી મળ્યાની તારીખથી 30 (ત્રીસ) દિવસની અંદર કન્વર્ઝન લાગુ થશે અને સમગ્ર લોન મુદત દરમિયાન ફિક્સ્ડમાંથી ફ્લોટિંગ અને/અથવા ફ્લોટિંગમાંથી ફિક્સ્ડમાં બદલવાનો વિકલ્પ મહત્તમ 3 વખત માટે ઉપલબ્ધ રહેશે. વધુમાં, કૃપા કરીને નોંધ કરો કે ફિક્સ્ડ વ્યાજ દર પ્રકારની ટર્મ લોનમાં 'પૂર્વ-ચુકવણી શુલ્ક' ટેબલમાં વ્યાખ્યાયિત મુજબ આંશિક પૂર્વચુકવણી અને ફોરક્લોઝર શુલ્ક લાગે છે. અહીં સ્પષ્ટ કરવામાં આવે છે કે આ પરિચ્છેદ માત્ર સમાન માસિક હપ્તાઓ (ઇએમઆઇ) આધારિત 'પર્સનલ લોન' પર લાગુ પડે છે, જેમાં 'પર્સનલ લોન'ની વ્યાખ્યા 04 જાન્યુઆરી, 2018 ના રોજ "એક્સબીઆરએલ રિટર્ન્સ - બેન્કિંગ આંકડાઓ અંગેની સમાનતા" ના રોજ આરબીઆઇના પરિપત્ર મુજબ છે.

3. **લોનની મુદત:**

**☐ ફિક્સ્ડ રેટ લોન: __ મહિના**

**☐ ફ્લોટિંગ રેટ લોન: __ મહિના**

**☐ ડ્યુઅલ રેટ: __ મહિના માટે ફિક્સ્ડ, __ મહિના માટે ફ્લોટિંગ**

**નોંધ: જો પસંદ કરેલ હોય તો લોનની મુદત પ્રી-ઇએમઆઇ મુદતનો સમાવેશ કરે છે. લાગુ પડતી પ્રી-ઇએમઆઇ ગ્રાહક(ઓ) પાસેથી વસૂલવાપાત્ર રહેશે.**

4. **લોનનો હેતુ:**

| | |
|---|---|
| **હોમ લોન માટે લાગુ લોનનો હેતુ (કૃપા કરીને યોગ્ય પસંદગી ટિક કરો):** | ☐ નવી પ્રોપર્ટીની ખરીદી / બિલ્ડર ખરીદી<br>☐ સ્વ-નિર્માણ<br>☐ પ્લોટની ખરીદી અને તેના પર ઘરનું બાંધકામ<br>☐ પુનઃ વેચાણ ખરીદી/જૂના યુનિટની ખરીદી |
| **નૉન-હોમ લોન માટે લાગુ લોનનો હેતુ** | ☐ જ્યાં તમામ કરજદારો પગારદાર વ્યક્તિઓ હોય તેવા કિસ્સાઓ માટે - વ્યક્તિગત ઉપયોગ<br>☐ એવા કિસ્સાઓ માટે જ્યાં કોઈ એક કરજદાર પણ બિન-પગારદાર અથવા બિન-વ્યક્તિ હોય - બિઝનેસના હેતુ / ઉપયોગ* |

* લોનની દૃષ્ટાંતરૂપ યાદી જે લોનને બિઝનેસના હેતુ માટેની લોન તરીકે વર્ગીકૃત કરવામાં આવશે:

- લીઝ રેન્ટલ ડિસ્કાઉન્ટિંગ લોન.

- બિઝનેસના હેતુ માટે મેળવેલી કોઈપણ પ્રોપર્ટી પર લોન / કાર્યકારી મૂડી, ઋણ એકીકરણ, બિઝનેસ લોનની ચુકવણી, બિઝનેસનું વિસ્તરણ, બિઝનેસ એસેટનું એક્વિઝિશન અથવા ફંડનો સમાન અંતિમ ઉપયોગ જેવા ઉપયોગ.
- બિન-રહેણાંક પ્રોપર્ટીની ખરીદી માટે લોન.
- બિન-રહેણાંક પ્રોપર્ટીની સિક્યોરિટી સામે લોન.
- બિઝનેસના હેતુ માટે ટૉપ અપ લોન / કાર્યકારી મૂડી, ઋણ એકીકરણ, બિઝનેસ લોનની ચુકવણી, બિઝનેસનું વિસ્તરણ, બિઝનેસ એસેટનું એક્વિઝિશન અથવા ફંડનો સમાન અંતિમ ઉપયોગ જેવા ઉપયોગ.

5. **હપ્તાના પ્રકારો: માસિક**

    **ટર્મ લોન**

    **ફ્લેક્સી ટર્મ લોન**

    **ફ્લેક્સી હાઇબ્રિડ લોન**

**લોન એકાઉન્ટમાં ગ્રાહક દ્વારા કરવામાં આવેલી ચુકવણીઓનું ઍડજસ્ટમેન્ટ:**

I. ટર્મ લોન (ફ્લેક્સી ટર્મ લોન સહિત):

a) ગ્રાહકો પેમેન્ટ ગેટવે સિવાય અન્ય કોઈપણ પદ્ધતિ દ્વારા ચુકવણી કરે છે (એટલે કે આરટીજીએસ/એનઈએફટી/આઈએમપીએસ/યૂપીઆઈ વગેરે.): કંપની દ્વારા ક્લિયર ફંડ પ્રાપ્ત કર્યા પછી રકમ ક્રેડિટ કરવામાં આવશે, (સામાન્ય રીતે તે જ દિવસે, નિષ્ફળ ટ્રાન્ઝૅક્શન સિવાય).

b) ગ્રાહકો પેમેન્ટ ગેટવે દ્વારા ચુકવણી કરે છે (દા.ત. bill desk): કંપની દ્વારા ફંડ પ્રાપ્ત થયા પછી લોન એકાઉન્ટમાં રકમ ક્રેડિટ કરવામાં આવશે (સામાન્ય રીતે T+1 દિવસ, જેમાં T એ ગ્રાહકના એકાઉન્ટમાંથી રકમ ડેબિટ થયાની તારીખ છે).

c) ક્રેડિટ સમયગાળાની ગણતરી માટે બેંકમાં લાગુ રજાઓ બાકાત રાખવામાં આવી છે કારણ કે રજા દરમિયાન કંપનીને ફંડ પ્રાપ્ત થતું નથી તેથી તે T+1 દિવસથી વધુ હોઈ શકે છે. ગ્રાહકોને પેમેન્ટ ગેટવે દ્વારા પૈસા ટ્રાન્સફર કરતા પહેલાં ખાસ કરીને બેંકમાં લાગુ રજાઓ તપાસવાની સલાહ આપવામાં આવે છે કારણ કે એક કરતાં વધુ દિવસની બેંકમાં લાગુ રજા હોઈ શકે છે, તેથી ગ્રાહકના બેંક એકાઉન્ટમાંથી રકમ ડેબિટ થવામાં અને રકમ ક્રેડિટ થવામાં T+1 દિવસથી વધુ સમયનો તફાવત આવી શકે છે.

d) એવા ટ્રાન્ઝૅક્શન જ્યાં ગ્રાહકના એકાઉન્ટમાંથી ચુકવણીની રકમ કપાઈ જાય છે પરંતુ પેમેન્ટ ગેટવેમાં ભૂલને કારણે કંપનીના પેમેન્ટ ગેટવેમાં વિલંબથી રકમ પ્રાપ્ત થાય છે, ત્યારે ગ્રાહકના એકાઉન્ટમાં એ રકમ કંપનીના એકાઉન્ટમાં રકમ પ્રાપ્ત થયાના દિવસે જ જમા કરવામાં આવશે.

II. વધારાની શરતો ફ્લેક્સી ટર્મ લોન માટે, જ્યાં લોનની રકમ રૂ.1.00 કરોડથી વધુ હોય:

a) ફ્લેક્સી ચુકવણીઓ માટે કટ ઑફ સમય સામાન્ય બેંકિંગ કાર્યકારી દિવસે 1 P.M સુધીનો રહેશે.

b) બેંકિંગ કાર્યકારી દિવસે 1:00 P.M પહેલાં ટ્રાન્સફર કરેલી રકમ: તે જ દિવસે લોન એકાઉન્ટમાં ક્રેડિટ કરવામાં આવશે [પેમેન્ટ ગેટવે દ્વારા ચૂકવણી સિવાય, કલમમાં ઉલ્લેખ કર્યા મુજબ: I(b)].

c) બેંકિંગ કાર્યકારી દિવસે મહિના 1:00 P.M પછી ટ્રાન્સફર કરેલી રકમ: T+1 દિવસે લોન એકાઉન્ટમાં ક્રેડિટ કરવામાં આવશે.

d) બેંકિંગ રજાઓના દિવસે કરવામાં આવેલી ચુકવણીઓ: રકમ આગામી કાર્યકારી દિવસે લોન એકાઉન્ટમાં ક્રેડિટ કરવામાં આવશે. ગ્રાહકોને ચુકવણી ગેટવે દ્વારા પૈસા ટ્રાન્સફર કરતા પહેલાં ચોક્કસપણે બેંકમાં લાગુ રજાઓ તપાસવાની સલાhઙ આપવામાં આવે છે કારણ કે એકથી વધુ દિવસની બેંકમાં રજા હોઈ શકે છે, ગ્રાહકના બેંક એકાઉન્ટમાંથી રકમ ડેબિટ થવામાં અને રકમ ક્રેડિટ થવામાં T+1 દિવસથી વધુ સમયનો તફાવત આવી શકે છે.

e) એવા ટ્રાન્ઝૅક્શન જ્યાં ગ્રાહકના એકાઉન્ટમાંથી ચુકવણીની રકમ કપાઈ જાય છે પરંતુ પેમેન્ટ ગેટવેમાં ભૂલને કારણે કંપનીના પેમેન્ટ ગેટવેમાં વિલંબથી રકમ પ્રાપ્ત થાય છે, ત્યારે ગ્રાહકના એકાઉન્ટમાં એ રકમ કંપનીના એકાઉન્ટમાં રકમ પ્રાપ્ત થયાના દિવસે જ જમા કરવામાં આવશે.

6. **સુરક્ષા**

- બીએચએફએલના પક્ષમાં સુરક્ષા તરીકે ઑફર કરેલ સંપત્તિ/ સંપત્તિઓ સામે બનેલ / બનાવવામાં આવનાર ચાર્જને અને / અથવા બીએચએફએલના પક્ષમાં બનાવી શકાય તેવી કોઈ અન્ય કોલેટરલ/ સુરક્ષાને લોનની સુરક્ષા તરીકે ગણવામાં આવે છે, જે લોન ડૉક્યૂમેન્ટમાં વિગતે જણાવેલ છે. સુરક્ષાનો અર્થ અને તેમાં બીએચએફએલને લોન સુરક્ષિત રાખવા માટે યોગ્ય લાગે તેમ અને તે અનુસાર કરજદાર દ્વારા સબમિટ કરેલ ગિરવે, ગેરંટી અને કોઈપણ અન્ય પ્રકારની સુરક્ષાનો સમાવેશ થાય છે.. કરજદાર એ બીએચએફએલ દ્વારા આવશ્યક તેવા શીર્ષક કરાર, ડૉક્યૂમેન્ટ, રિપોર્ટની આવી અસલ/કૉપી પ્રદાન કરશે.
- કરજદાર કહેવાતી સુરક્ષાના નિર્માણ માટે ચૂકવવાપાત્ર તમામ શુલ્ક વહન કરશે અને તેની પૂર્ણતા માટે આવશ્યક તમામ પગલાં લેશે..

નોંધ: કોઈ અસુરક્ષિત લોનના કિસ્સામાં સુરક્ષાને લગતી ઉપરોક્ત કલમો લાગુ રહેશે નહીં.

7. **સંપત્તિ/કરજદાર(ઓ) નું ઇન્શ્યોરન્સ અને વેલ્યૂ-એડેડ પ્રૉડક્ટ**

- કરજદારની જવાબદારી રહેશે કે, સિક્યોરીટી તરીકે ઑફર કરવામાં આવેલી સંપત્તિ, તે લોન મૂલ્યની સમકક્ષ અથવા તેનાથી વધુ માટે અને તમામ જોખમોની સામે, બીએચએફએલને એકલ લાભાર્થી તરીકે, લોનની મુદત દરમિયાન ઇન્શ્યોર્ડ હોય એ સુનિશ્ચિત કરે. બીએચએફએલ દ્વારા આવશ્યક હોય ત્યારે તેના પ્રમાણ બીએચએફએલને આપવાના રહેશે.

- ક્લેઇમ્સ અને કવરેજ ઇન્શ્યોરન્સ કંપની દ્વારા આપવામાં આવેલી ઇન્શ્યોરન્સ પૉલિસીના નિયમો અને શરતો અનુસાર સંચાલિત કરવામાં આવશે.બીએચએફએલ એ માસ્ટર પૉલિસીધારકની ક્ષમતામાં વિવિધ ગ્રુપ ઇન્શ્યોરન્સ પૉલિસી હેઠળ, માત્ર તેના ગ્રાહકોને જ નોંધણી ઑફર કરે છે.
- બીએચએફએલની ભૂમિકા ગ્રાહકની વિનંતી પર ઇન્શ્યોરન્સ કંપની તરફથી ઇન્શ્યોરન્સ પૉલિસી માટે અપ્લાઇ કરવાની સુવિધા પ્રદાન કરવા સુધીની જ છે. જો કે, ઇન્શ્યોરન્સ પૉલિસી જારી કરવાનો, આવશ્યક ઇન્શ્યોરન્સ કવરેજ પ્રદાન કરવાનો અને પૉલિસી હેઠળ કોઈપણ ભવિષ્યનાં ક્લેઇમને સેટલ કરવાનો નિર્ણય માત્ર ઇન્શ્યોરન્સ કંપની પાસે જ રહેશે.. ઇન્શ્યોરન્સ એ વિનંતીનો વિષય છે, અને કરજદારે સ્વૈચ્છિક રીતે તેનો લાભ લેવાનો વિચાર કર્યો છે. બીએચએફએલ કોઈ વોરંટી આપતી નથી અને ઇન્શ્યોરન્સ પ્રૉડક્ટ, તેના અંતર્ગત નિયમો અને શરતો અને/અથવા ઇન્શ્યોરન્સ પ્રૉડક્ટનાં લાભ, ઇન્શ્યોરન્સ કંપની દ્વારા ક્લેઇમની પ્રક્રિયા કરવાની રીત વિશે કોઈ પ્રતિનિધિત્વ કરતી નથી. વધુમાં, બીએચએફએલ કોઈપણ રીતે ઇન્શ્યોરન્સ પૉલિસી અને/અથવા કલેઇમની વિનંતીને સ્વીકારવા અથવા નકારવા માટે, ક્લેઇમની પ્રક્રિયા કરવાની રીત વગેરે માટે જવાબદાર રહેશે નહીં. ઇન્શ્યોરન્સ પૉલિસીના સંદર્ભમાં તમામ અથવા કોઈપણ ફરિયાદો સીધી જ ઇન્શ્યોરન્સ કંપનીને કરવાની રહેશે.
- વેલ્યૂ-એડેડ પ્રૉડક્ટ એ વિનંતીનો વિષય છે, અને કરજદારે સ્વૈચ્છિક રીતે તેનો લાભ લેવાનો વિચાર કર્યો છે. બીએચએફએલની ભૂમિકા ગ્રાહકની વિનંતી પર સર્વિસ પ્રદાતાઓના આવા વેલ્યૂ-એડેડ પ્રૉડક્ટ માટે અપ્લાઇ કરવાની સુવિધા આપવા સુધી જ મર્યાદિત છે. બીએચએફએલ કોઈ વોરંટી આપતી નથી અને વેલ્યૂ-એડેડ પ્રૉડક્ટ, તેના અંતર્ગત નિયમો અને શરતો અને/અથવા પ્રૉડક્ટનાં લાભ, થર્ડ પાર્ટી દ્વારા ક્લેઇમની પ્રક્રિયા / સર્વિસની રીત વિશે કોઈ પ્રતિનિધિત્વ કરતી નથી. બીએચએફએલ, ઑફર કરેલ થર્ડ પાર્ટી પ્રૉડક્ટ અને/અથવા કલેઇમને સ્વીકારવા અથવા નકારવા માટે, ક્લેઇમની પ્રક્રિયા / સર્વિસની રીત વગેરે માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં. પ્રાપ્ત કરેલ પ્રૉડક્ટના સંદર્ભમાં તમામ અથવા કોઈપણ ફરિયાદો સીધી જ સર્વિસ પ્રદાતાને કરવાની રહેશે.

8. **લોનનાં વિતરણ માટેની શરતો**

- મંજૂરી પત્ર, લોન એગ્રીમેન્ટ અને અન્ય લોન ડૉક્યૂમેન્ટમાં બીએચએફએલ દ્વારા ઉલ્લેખિત તમામ સંબંધિત ડૉક્યૂમેન્ટ સબમિટ કરવા;

- ***જો તે સુરક્ષિત લોન હોય,*** *તો ગ્રાહક દ્વારા નીચેની અતિરિક્ત શરતો પણ સંતુષ્ટ થવી પડશે:*
  - સંપતિનું કાનૂની અને ટેક્નિકલ મૂલ્યાંકન;
  - સુરક્ષા તરીકે ઑફર કરવામાં આવતી સંપતિનું સ્પષ્ટ, વેચાણ યોગ્ય અને બોજારહિત શીર્ષક;

- જો આ લોન હોમ લોન હોય, તો કરજદાર દ્વારા સંપત્તિની ખરીદીમાં પોતાનાં યોગદાનની ચુકવણીનો પુરાવો બીએચએફએલને સબમિટ કરવાનો રહેશે;
- આ સંપત્તિ/ઓ પર કરેલ બાંધકામ એ મંજૂર યોજનાઓ મુજબ અને લાગુ કાયદાઓ /બાય-લૉ/નિયમો અને રેગ્યુલેશન અનુસાર હાથ ધરવામાં આવેલ છે;
- સંપત્તિ માટેની આવશ્યક તમામ મંજૂરીઓ (મંજૂર પ્લાન અને વૈધાનિક મંજૂરીઓ સહિત, પરંતુ મર્યાદા વિના) પ્રાપ્ત થઈ છે અને બીએચએફએલને સબમિટ કરવામાં આવી છે.

9. **લોનની પુન:ચુકવણી**

- કરજદાર, લોન એગ્રીમેન્ટ અથવા ટૉપ-અપ લોન પરિશિષ્ટમાં, અથવા કરજદાર અને બીએચએફએલ વચ્ચે સંમત હોય એ રીતે અને એ સ્થળે નિર્ધારિત પુનઃચુકવણીની કોઈપણ પદ્ધતિ દ્વારા, સંબંધિત ચુકવણી તારીખ પર અથવા તે પહેલાં, બીએચએફએલને ઇએમઆઇ/માસિક હપ્તા અને અન્ય બાકી દેય રકમની ચુકવણી માટે સંમત થાય છે.
- બીએચએફએલ, કરજદારની લેખિત વિનંતી પર, પુનઃચુકવણીની પદ્ધતિ બદલવા માટે સંમત થઈ શકે છે. બીએચએફએલ, કોઈપણ સમયે, તેના એકમાત્ર અને સંપૂર્ણ વિવેકાધિકાર અનુસાર પોતાની મુનસફી પ્રમાણે ચુકવણી શેડયૂલમાં સુધારો કરી શકે છે અને તે અનુસાર કરજદારને ઍડવાન્સમાં સૂચિત કરી શકે છે.
- ઇએમઆઇ/માસિક હપ્તાની રકમ એ લોનની મુદતમાં લોનની રકમની પુનઃચુકવણી અને વ્યાજ દરના આધારે ગણતરી કરેલ વ્યાજની ચુકવણીને સમાવિષ્ટ કરીને ગણવામાં આવશે.. કરજદાર, જ્યાં સુધી બીએચએફએલને લોન હેઠળની બાકી દેય ચુકવણી સંપૂર્ણપણે ચૂકવવામાં ન આવે ત્યાં સુધી, ઇએમઆઇ/માસિક હપ્તા ભરવાનું ચાલુ રાખવાની સંમતિ આપે છે.

10. **બાકી રહેલ રકમની પુનઃપ્રાપ્તિ માટે પાલન કરવામાં આવતી સંક્ષિપ્ત પ્રક્રિયા**

લોન એગ્રીમેન્ટ અને અન્ય લોન ડૉક્યૂમેન્ટમાં ઉલ્લેખિત મુજબ ડિફૉલ્ટની કોઈપણ ઘટના થવા પર ("ડિફૉલ્ટની ઘટના"), બીએચએફએલ પાસે કરજદાર દ્વારા બાકીની તમામ રકમ તરત જ ચૂકવવાપાત્ર બનશે અને બીએચએફએલ એ લોન એગ્રીમેન્ટ અને અન્ય લોન ડૉક્યૂમેન્ટ હેઠળ તેના અધિકારોને અમલમાં મૂકવા માટે વિલંબિત ચુકવણી માટે ડિફૉલ્ટ વ્યાજ વસૂલવા, દેય રકમની વસૂલાત સહિત, પરંતુ અહીં મર્યાદિત ના રહેતા, આવી આવશ્યક પ્રક્રિયાઓ/પગલાં લેવાનો અધિકાર અનામત રાખે છે. વધુમાં, સુરક્ષિત લોનનાં કિસ્સામાં, બીએચએફએલ કાયદા હેઠળ ઉપલબ્ધ ઉપાયો અનુસાર સુરક્ષા લાગુ કરવા માટે હકદાર રહેશે. બીએચએફએલ આના માટે અધિકાર પણ અનામત રાખે છે:

- લોન સહિત બાકી રકમની પુનઃચુકવણી ઝડપી કરવા.

- લોનને પરત માંગવી અથવા લોનની કરજદાર દ્વારા ચૂકવવાપાત્ર તમામ બાકી રહેલ રકમને ત્વરિત દેય અને ચૂકવવાપાત્ર જાહેર કરવા.
- વિલંબિત ચુકવણી પર વ્યાજ શુલ્ક, લાગુ દંડાત્મક શુલ્ક જેમા બાઉન્સ શુલ્ક, વિલંબિત ચુકવણી શુલ્ક અને કરાર પૂર્ણતા શુલ્ક સામેલ છે.
- લોન બાકી હોય તે દરમિયાન લાગુ કાયદા હેઠળ કંપનીને ઉપલબ્ધ હોય તેવા અન્ય અધિકારો અને ઉપાયોનો ઉપયોગ કરવો.
- આવી અન્ય શરતોને નિર્ધારિત કરવી અથવા કંપનીને યોગ્ય લાગે તે અન્ય કાર્યવાહી કરવી;
- લાગુ વ્યાજ દરમાં સુધારો કરવો; અને/અથવા
- આરબીઆઇ, એનએચબી, સ્ટૉક એક્સચેન્જ, માહિતી ઉપયોગિતા, ઑડિટર્સ, સીઆઇબીઆઇએલ અને અન્ય માહિતી બ્યુરો અને અન્ય કોઈ વૈધાનિક/રેગ્યુલેટરી પ્રાધિકરણ અને/અથવા કોઈપણ કાનૂની/રેગ્યુલેટરી આવશ્યકતાઓ માટે અધિકૃત કોઈપણ અન્ય એજન્સીને કરજદારની લોન એકાઉન્ટની તમામ વિગતો જાહેર કરવાનો અધિકાર છે.
- બીએચએફએલની સંપૂર્ણ મુનસફી પર, તેમને યોગ્ય લાગે તેમ કરજદારનું નામ, ઍડ્રેસ, ફોટોગ્રાફ, સુરક્ષા વિગતો (જો લાગુ હોય તો) અને આવી અન્ય માહિતી ઇલેક્ટ્રોનિક, પ્રિન્ટ અને સોશિયલ મીડિયામાં પ્રકાશિત કરે અને આવા પ્રકાશનમાં આવી ડિફૉલ્ટની ઘટનાનું તથ્ય પણ સમાવિષ્ટ હશે; અને કરજદાર સંમત થાય છે કે આવી માહિતીનાં પ્રકાશનને લીધે, કરજદારને થતા નાણાંકીય કે અન્ય કોઈ નુકસાન અને/અથવા હાનિ માટે બીએચએફએલ જવાબદાર અથવા ઉત્તરદાયી નથી.
- પોતે જાતે અથવા ધિરાણકર્તા દ્વારા નિયુક્ત કોઈપણ રિકવરી એજન્ટ અથવા અટૉર્ની દ્વારા, સુરક્ષા કરેલ સંપત્તિ, જો કોઈ હોય તો, તેનો કબજો લઈ લો.

## 11. વાર્ષિક બાકી બૅલેન્સ સ્ટેટમેન્ટ

બીએચએફએલ કરજદારને વિનંતી પર વાર્ષિક બાકી બૅલેન્સ સ્ટેટમેન્ટ જારી કરશે.

## 12. ફેર પ્રેક્ટિસ કોડ

કંપનીના ફેર પ્રેક્ટિસ કોડને ઑનલાઇન રેફર કરવા માટે નીચે આપેલ લિંક પર જઈ શકાય છે https://www.bajajhousingfinance.in/notice-board

## 13. ગ્રાહક સર્વિસ

| | |
|---|---|
| ઇમેઇલ | bhflwecare@bajajfinserv.in |
| ફોન કરો | 022 - 45297300 |
| ઑનલાઇન ગ્રાહક પોર્ટલ | https://myaccount.bajajhousingfinance.in/#/home |

| | |
|---|---|
| શાખાની મુલાકાતના કલાકો | 10:00 AM to 6:00 PM |

ઉપરોક્ત કોઈપણ ચેનલ દ્વારા ઉઠાવેલ કરજદારના પ્રશ્નો પર 7 કાર્યકારી દિવસોમાં કાર્યવાહી કરવામાં આવશે અને તેનું નિરાકરણ કરવામાં આવશે.

(i) **લોન એકાઉન્ટ સ્ટેટમેન્ટ** - લોન એકાઉન્ટ સ્ટેટમેન્ટને ઑનલાઇન ડાઉનલોડ કરી શકાય છે. વૈકલ્પિક રીતે, ગ્રાહક શાખામાં જઇને અથવા ઉપર સૂચવેલા ગ્રાહક સેવા નંબર પર કૉલ કરીને પણ સ્ટેટમેન્ટ મેળવી શકે છે.
(ii) **ટાઇટસ ડૉક્યૂમેન્ટની ફોટોકૉપી** - જો ગ્રાહક દ્વારા સંપત્તિના શીર્ષક અને લિંક ડૉક્યૂમેન્ટ સબમિટ કરીને સુરક્ષિત લોન લેવામાં આવી હોય, તો સંપત્તિના શીર્ષક અને લિંક ડૉક્યૂમેન્ટની ફોટોકૉપી, ગ્રાહક પાસેથી લેખિત વિનંતી પ્રાપ્ત કર્યા પછી અને નીચે આપેલા ફી/શુલ્ક સેક્શનમાં જણાવેલ લાગુ શુલ્કની ચુકવણીને આધીન, ગ્રાહકને પ્રદાન કરવામાં આવશે. ટેકઓવર/બૅલેન્સ ટ્રાન્સફર લોનના કિસ્સામાં, ગ્રાહક દ્વારા શીર્ષક અને લિંક ડૉક્યૂમેન્ટની ફોટોકૉપી માટેની વિનંતી પર, ટ્રાન્સફર કરનાર બેંક/ફાઇનાન્શિયલ સંસ્થા તરફથી શીર્ષક અને લિંક ડૉક્યૂમેન્ટ પ્રાપ્તિને આધીન, કાર્યવાહી કરવામાં આવશે.

(iii) **લોન ક્લોઝર/ટ્રાન્સફર કરવા પર અસલ શીર્ષક અને લિંક ડૉક્યૂમેન્ટ પરત કરવા** - બીએચએફએલ દ્વારા પ્રાપ્ત થયેલા અસલ પ્રોપર્ટી ડૉક્યૂમેન્ટ, તમામ લોનની સંપૂર્ણ ચુકવણી/સેટલમેન્ટની તારીખથી 30 દિવસની અંદર રિટર્ન કરવામાં આવશે, જો સીઇઆરએસએઆઇ, ગિરવે (ઇક્વિટેબલ મૉરગેજ / સરળ મૉરગેજ), આરઓસી શુલ્ક વગેરે જેવા કોઈપણ રજિસ્ટ્રી સાથે રજિસ્ટર્ડ કોઈપણ શુલ્કને દૂર કરવા સાથે ગ્રાહક(કો) દ્વારા બધા જરૂરી ડૉક્યૂમેન્ટ સબમિટ કરવામાં આવે છે.

## 14. ફરિયાદ નિવારણ

તમારું કમ્યુનિકેશન પ્રાપ્ત થયાના 2 કાર્યકારી દિવસોની અંદર તમને સ્વીકૃતિ / પ્રતિસાદ મળશે:

| | |
|---|---|
| લેવલ 1 | અમે ગ્રાહકોના પ્રશ્નો/સમસ્યાઓને 15 દિવસોમાં ઉકેલવા માટે પ્રતિબદ્ધ છીએ (વધુ સમયની જરૂર હોય તેવા અમુક સંજોગોમાં મહત્તમ 30 દિવસ લાગી શકે છે). જો ગ્રાહકને આ સમયની અંદર અમારી પાસેથી જવાબ પ્રાપ્ત ના થાય, અથવા તેઓ સમસ્યાનાં નિરાકરણથી સંતુષ્ટ નથી, તો ગ્રાહક અમને અહીં લખી શકે છે: bhflgrievance@bajajfinserv.in |
| લેવલ 2 | જો ગ્રાહક 3 દિવસોમાં લેવલ 1 પર પ્રદાન કરેલા સમાધાનથી સંતુષ્ટ નથી, તો ગ્રાહક ગ્રાહક અનુભવ પ્રમુખને તેમની ફરિયાદ અહીં લખી શકે છે: Bhflcustomerexperience@bajajfinserv.in<br><br>વૈકલ્પિક રીતે, ગ્રાહકો ગ્રાહક અનુભવ પ્રમુખને અહીં લખી શકે છે: બજાજ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ, 5th ફ્લોર, B2 સેરિબ્રમ IT પાર્ક, કુમાર સિટી કલ્યાણી નગર પુણે, મહારાષ્ટ્ર પિન – 411014 |

| | |
|---|---|
| લેવલ 3 | જો ગ્રાહક 5 દિવસોમાં લેવલ 2 પર પ્રદાન કરેલા સમાધાનથી સંતુષ્ટ નથી, તો ગ્રાહક ફરિયાદ નિવારણ અધિકારીને તેમની ફરિયાદ અહીં લખી શકે છે:<br><br>hema.ratnam@bajajfinserv.in<br><br>વૈકલ્પિક રીતે, ગ્રાહક ફરિયાદ નિવારણ અધિકારીને લખી શકે છે:<br>હેમા રત્નમ<br>બજાજ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ,<br>5th ફ્લોર, B2 સેરિબ્રમ IT પાર્ક,<br>કુમાર સિટી કલ્યાણી નગર પુણે,<br>મહારાષ્ટ્ર પિન – 411014 |
| લેવલ 4 | જો ફરિયાદનું નિરાકરણ ગ્રાહકની સંતુષ્ટિ મુજબ ન થયું હોય, તો ફરિયાદ કર્યાની તારીખથી 30 દિવસની અંદર, ગ્રાહક નેશનલ હાઉસિંગ બેંકને ઑનલાઇન મોડમાં https://grids.nhbonline.org લિંક પર અથવા ઑફલાઇન મોડમાં https://nhb.org.in/ પર ફરિયાદ વિભાગ હેઠળ ઉપલબ્ધ નિર્ધારિત ફોર્મેટમાં નીચે આપેલ ઍડ્રેસ પર પોસ્ટ દ્વારા ફરિયાદ દાખલ કરીને National Housing Bank નો સંપર્ક કરી શકે છે.<br><br>**નેશનલ હાઉસિંગ બેંક,**<br>દેખરેખ વિભાગ,<br>(ફરિયાદ નિવારણ સેલ),<br>4th ફ્લોર, Core -5A, ઇન્ડિયા હેબિટેટ સેન્ટર,<br>લોધી રોડ,<br>નવી દિલ્હી- 110003 |

15. **ફરિયાદની પ્રક્રિયા**

જ્યારે કરજદાર bhflgrievance@bajajfinserv.in ને લખે છે ત્યારે નીચે જણાવેલ પ્રક્રિયાનું પાલન કરવામાં આવે છે :

- ગ્રાહક સર્વિસ સહાયક ગ્રાહકના પ્રશ્નને / ફરિયાદ સમજવા માટે સંપૂર્ણ ઇમેઇલ વાંચે છે
- ગ્રાહક દ્વારા સ્પષ્ટપણે જણાવેલ અને ગર્ભિત આવશ્યકતાઓને સમજવા માટે ગ્રાહકને કૉલ કરવામાં આવે છે
- ફરિયાદ ટીમ નિર્ધારિત સમયસીમાની અનુસાર ફરિયાદનું સમાધાન મેળવવા માટે આંતરિક વિભાગો સાથે સંકલન કરે છે.
- જો આંતરિક અને બાહ્ય અવલંબનને કારણે 15 દિવસના નિર્ધારિત ટીએટી અંદર નિવારણ શક્ય ન હોય તો, સમયસીમા સાથે વચગાળાનો પ્રતિસાદ કરજદારને મોકલવામાં આવે છે.

- તમામ પ્રશ્નોનું ઇમેઇલ અને ટેલિફોન કૉલ દ્વારા નિરાકરણ કરવામાં આવે છે.

પ્રતિબદ્ધ સમયસીમામાં આવશ્યક કોઈ પણ એક્સ્ટેંશનની સ્થિતિમાં, કરજદારને સમયસર અપડેટ મોકલવામાં આવે છે.

**16. ફી અને અન્ય શુલ્ક**

નીચે જણાવેલ ફી/શુલ્ક બજાજ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના સંપૂર્ણ વિવેકબુદ્ધિ પર બદલાવને આધિન છે. કોઈપણ ફેરફારો માટે, કરજદાર(ઓ)ને વિનંતી કરવામાં આવે છે કે બીએચએફએલની વેબસાઇટ https://www.bajajhousingfinance.in/notice-board પર ઉલ્લેખિત લેટેસ્ટ શેડ્યૂલનો સંદર્ભ લો, જે લાગુ પડશે.

નીચે ઉલ્લેખિત ફી/શુલ્ક એ કરજદાર દ્વારા ચૂકવવાપાત્ર મહત્તમ રકમ જેમ કે ફી/શુલ્ક જેવી ચૂકવવાપાત્ર રકમના સૂચક છે. લોન ડૉક્યૂમેન્ટમાં ઉલ્લેખિત ફી/શુલ્ક ચૂકવવાપાત્ર ચોક્કસ રકમની વિગત આપે છે. જ્યાં સુધી વિશિષ્ટ રીતે ઉલ્લેખિત ન હોય, ચૂકવેલ ફી/શુલ્ક નૉન-રિફન્ડેબલ છે.

| ક્રમ સંખ્યા | ફી/શુલ્કની પ્રકૃતિ | ફી/શુલ્કનું નામ | જ્યારે/ ચૂકવવાપાત્ર હોય | ફ્રિક્વન્સી | રકમ |
|---|---|---|---|---|---|
| 1. | હોમ લોન /સંપત્તિ સામે લોન માટેની ફી | પ્રોસેસિંગ ફી | એપ્લિકેશન પર | એક વખત | લોન રકમનાં 4% સુધી + લાગુ જીએસટી |
| 2. | ટૉપ-અપ લોન માટે ફી | પ્રોસેસિંગ ફી | એપ્લિકેશન પર | એક વખત | લોન રકમનાં 4% સુધી + લાગુ જીએસટી |
| 3. | અસુરક્ષિત લોન માટે ફી | પ્રોસેસિંગ ફી | એપ્લિકેશન પર | એક વખત | લોન રકમનાં 4% સુધી + લાગુ જીએસટી |
| 4. | પડતર કિંમતને કવર કરતા ખર્ચ | આકસ્મિક શુલ્ક | આવતા ખર્ચ પ્રમાણે | | વાસ્તવિક પ્રમાણે |
| 5. | વૈધાનિક શુલ્ક | સ્ટેમ્પ ડ્યૂટી/એમઓડી ટી/એમઓઇ | સંબંધિત કાયદાઓ અનુસાર | એક વખત | રાજ્યના કાયદા અનુસાર લાગુ |
| 6. | ઓછા દરમાં સ્વિચ કરો | સ્વિચ ફી | દરમાં સુધારા પર | પ્રત્યેક દરમાં સુધારા પર | બાકી મુદ્દલના 2% સુધી + લાગુ જીએસટી |

| ક્રમ સંખ્યા | ફી/શુલ્કની પ્રકૃતિ | ફી/શુલ્કનું નામ | જ્યારે/ ચૂકવવાપાત્ર હોય | ફ્રિક્વન્સી | રકમ |
|---|---|---|---|---|---|
| 7. | વ્યાજની ગણતરીમાં સ્વિચ કરો(દા.ત. બીએચએફએલ એફઆરઆર થી રેપો રેટ અને અદલ-બદલ) | સ્વિચ ફી | વ્યાજની ગણતરીમાં ફેરફાર પર | પ્રત્યેક સ્વિચ પર | બાકી મુદ્દલના 2% સુધી + લાગુ જીએસટી |
| 8. | ગિરવે ઓરિજિનેશન ફી (એમઓએફ) (નૉન-રિફંડેબલ રકમ) – સુરક્ષિત લોન માટે | પ્રોસેસિંગ ફી ઉપરાંત એમઓએફ | એપ્લિકેશન પર | એક વખત | રૂ. 10000 સુધી + લાગુ જીએસટી |
| 9. | ચેક સ્વેપ શુલ્ક | પરચુરણ પ્રાપ્તિઓ | વિનંતી પર | જ્યારે અને ત્યારે | કરેલ ખર્ચ અનુસાર |
| 10. | સિક્યોરીટી સ્વેપ શુલ્ક | પરચુરણ પ્રાપ્તિઓ | વિનંતી પર | જ્યારે અને ત્યારે | કરેલ ખર્ચ અનુસાર |
| 11. | બાહ્ય/કાનૂની/ટેકનિકલ અભિપ્રાયને કારણે ફી | પરચુરણ પ્રાપ્તિઓ | આવતા ખર્ચ પ્રમાણે | જ્યારે અને ત્યારે | કરેલ ખર્ચ અનુસાર |
| 12. | મંજૂરીથી 6 મહિના પછી લોનનું પુન:મૂલ્યાંકન | પ્રોસેસિંગ ફી | ફરીથી કરેલ એપ્લિકેશન પર | એક વખત | લાગુ પડતા ગિરવે ઓરિજિનેશન ફી |
| 13. | એકાઉન્ટ સ્ટેટમેન્ટની હાર્ડ કોપી | પરચુરણ પ્રાપ્તિઓ | વિનંતી પર | પ્રતિ વિનંતી | પ્રતિ વિનંતી દીઠ રૂ. 500 સુધી + લાગુ જીએસટી |
| 14. | વર્તમાન લોનનું નવા પ્રૉડક્ટમાં કન્વર્ઝન (ટર્મ લોન/ફ્લેક્સી ટર્મ લોન/ફ્લેક્સી હાઇબ્રિડ લોન) | કન્વર્ઝન ફી | કન્વર્ઝન પર | પ્રત્યેક કન્વર્ઝન પર | બાકી મુદ્દલના 2% સુધી + લાગુ જીએસટી |

| ક્રમ સંખ્યા | ફી/શુલ્કની પ્રકૃતિ | ફી/શુલ્કનું નામ | જ્યારે/ ચૂકવવાપાત્ર હોય | ફ્રિક્વન્સી | રકમ |
|---|---|---|---|---|---|
| 15. | ફિક્સ્ડ રેટ લોનમાંથી ફ્લોટિંગ રેટ લોનમાં સ્વિચ કરવા માટે કન્વર્ઝન શુલ્ક: | કન્વર્ઝન ફી | કન્વર્ઝન પર | ઘટના | ટર્મ લોન માટે:-<br>1% સુધી + બાકી મુદ્દલ પર લાગુ જીએસટી + અવિતરિત રકમ (જો કોઈ હોય તો).<br><br>ફ્લેક્સી ટર્મ લોન અથવા ફ્લેક્સી હાઇબ્રિડ લોન માટે:-<br>1% સુધી + ફ્લેક્સી લિમિટ પર લાગુ જીએસટી + અવિતરિત રકમ (જો કોઈ હોય તો). |
| 16. | ફ્લોટિંગ રેટ લોનથી ફિક્સ્ડ રેટ લોન પર સ્વિચ કરવા માટે કન્વર્ઝન શુલ્ક | કન્વર્ઝન ફી | કન્વર્ઝન પર | ઘટના | ટર્મ લોન માટે:-<br>1% સુધી + બાકી મુદ્દલ પર લાગુ જીએસટી + અવિતરિત રકમ (જો કોઈ હોય તો).<br><br>ફ્લેક્સી ટર્મ લોન અથવા ફ્લેક્સી હાઇબ્રિડ લોન માટે:-<br>1% સુધી + ફ્લેક્સી લિમિટ પર લાગુ જીએસટી + અવિતરિત રકમ (જો કોઈ હોય તો).<br><br>નોંધ: કંપની તે તારીખ સુધી તમારા લોન એકાઉન્ટ પર લાગુ વ્યાજ દર ઉપરાંત 200 બીપીએસ (પી.એ. 2% **દર વર્ષે**) સુધીના અતિરિક્ત વ્યાજ દરનું પ્રીમિયમ વસૂલશે. |
| 17. | ફ્લેક્સી લોન ફી | પ્રોસેસિંગ ફી | ફ્લેક્સી ટર્મ લોન અથવા ફ્લેક્સી હાઇબ્રિડ લોન મેળવવા પર | એક વખત | લોન રકમનાં 2% સુધી + લાગુ જીએસટી |

| ક્રમ સંખ્યા | ફી/શુલ્કની પ્રકૃતિ | ફી/શુલ્કનું નામ | જ્યારે/ ચૂકવવાપાત્ર હોય | ફ્રિક્વન્સી | રકમ |
|---|---|---|---|---|---|
| 18. | ફ્લેક્સી વાર્ષિક મેઇન્ટેનન્સ શુલ્ક - ફ્લેક્સી હાઇબ્રિડ લોન | વાર્ષિક મેઇન્ટેનન્સ શુલ્ક | ફ્લેક્સી હાઇબ્રિડ લોન પર લાગુ | વાર્ષિક શુલ્ક | ફ્લેક્સી વ્યાજ માત્ર લોનની પુનઃચુકવણી મુદત દરમિયાન મંજૂર રકમના 1% સુધી + લાગુ જીએસટી અને ફ્લેક્સી ટર્મ લોનની મુદત દરમિયાન ઉપલબ્ધ ફ્લેક્સી લોન લિમિટના 1% સુધી + લાગુ જીએસટી |
| 19. | ફ્લેક્સી વાર્ષિક મેન્ટેનન્સ શુલ્ક - ફ્લેક્સી ટર્મ લોન | વાર્ષિક મેઇન્ટેનન્સ શુલ્ક | ફ્લેક્સી ટર્મ લોન પર લાગુ | વાર્ષિક શુલ્ક | ઉપલબ્ધ ફ્લેક્સી લોન લિમિટનાં 1% સુધી + લાગુ જીએસટી |
| 20. | સીઇઆરએસએઆઇ શુલ્ક (સુરક્ષિત લોન માટે) | સીઇઆરએસએઆઇ રજિસ્ટ્રેશન માટે શુલ્ક | એપ્લિકેશન પર | એક વખત | પ્રત્યેક લોન માટે, સીઇઆરએસએઆઇ દ્વારા લેવામાં આવતા શુલ્ક અનુસાર + લાગુ જીએસટી |
| 21. | શીર્ષક ડૉક્યૂમેન્ટની ફોટોકૉપી માટે ફી (સુરક્ષિત લોન માટે) | પરચુરણ પ્રાપ્તિઓ | વિનંતી પર | પ્રતિ વિનંતી | 30 પેજ સુધી ન્યૂનતમ ફી રૂ. 500/- અને રૂ. 3/- તે પછીનાં પ્રત્યેક અતિરિક્ત પેજ માટે + લાગુ જીએસટી |
| 22. | બંધ લોન પરના રિટ્રીવલ શુલ્ક(રી-વૉલ્ટિંગ શુલ્ક) | પરચુરણ રસીદ | વિનંતી પર | વિનંતી દીઠ | જો બીએચએફએલ દ્વારા 'સંપત્તિના અસલ દસ્તાવેજોના સંગ્રહ' અંગેનો પત્ર-વ્યવહાર જારી કર્યા બાદ 15 દિવસમાં કરજદાર દ્વારા બંધ લોનના અસલ દસ્તાવેજો એકત્રિત કરવામાં ન આવે તો, રૂ.1000/- (જીએસટી સહિત) શુલ્ક લાગુ પડે છે. |

23. દંડાત્મક શુલ્ક:

a) **બાઉન્સ શુલ્ક - ઇએમઆઇ બાઉન્સના કિસ્સામાં લાગુ, નીચે આપેલા ટેબલમાં ઉલ્લેખિત છે.**

b) **વિલંબિત ચુકવણી શુલ્ક (એલપીસી)- નીચે આપેલ ટેબલમાં દર્શાવ્યા મુજબ, વણ ચૂકવેલ/આંશિક ચુકવણી કરેલ ઇએમઆઇની તારીખથી લઈને સંપૂર્ણ બાકી ઇએમઆઇ રકમ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી દરેક ઇએમઆઇ માટે દૈનિક ગણતરી કરવામાં આવેલ છે. એલપીસીનો હિસાબ રસીદના આધારે કરવામાં આવશે. આ શુલ્ક મૂડીકૃત કરવામાં આવશે નહીં.**

| મંજૂર થયેલ લોનની રકમ | વિલંબ ચુકવણી શુલ્ક (એલપીસી)^(દરેક આંશિક અથવા સંપૂર્ણપણે ચડત ઇએમઆઇ માટે પ્રતિ દિવસ શુલ્કપાત્ર) | | | બાઉન્સ શુલ્ક^ (ચેક/ઇસીએસ/એનએસીએચ (નાચ) ના દરેક અનાદર માટે) |
|---|---|---|---|---|
| | એચએલ( રૂ.) | ટૉપ અપ/અસુરક્ષિત (રૂ.) | એલએપી (રૂ.) | (રૂ.) |
| રૂ. 15 લાખ સુધી | 3 | 3 | 3 | 500/- |
| > રૂ. 15 લાખ થી રૂ. 30 લાખ સુધી | 10 | 10 | 10 | 500/- |
| > રૂ. 30 લાખ થી રૂ. 50 લાખ સુધી | 15 | 15 | 15 | 1000/- |
| > રૂ. 50 લાખ થી રૂ. 1 કરોડ | 30 | 30 | 30 | 1000/- |
| > રૂ. 1 કરોડ થી રૂ.5 કરોડ | 125 | 125 | 125 | 3,000/- |
| > રૂ. 5 કરોડ થી રૂ. 10 કરોડ | 150 | 150 | 150 | 3,000/- |
| > રૂ. 10 કરોડ થી રૂ. 25 કરોડ | 175 | 175 | 175 | 10,000/- |
| > રૂ. 25 કરોડ થી રૂ. 50 કરોડ | 200 | 200 | 200 | 10,000/- |
| > રૂ. 50 કરોડ થી રૂ. 100 કરોડ | 400 | 400 | 400 | 10,000/- |
| > રૂ. 100 કરોડ થી રૂ. 250 કરોડ | 1000 | 1000 | 1000 | 10,000/- |
| > રૂ. 250 કરોડ થી રૂ. 500 કરોડ | 2000 | 2000 | 2000 | 10,000/- |
| > 500 કરોડ | 4000 | 4000 | 4000 | 10,000/- |

^ઉપર દર્શાવેલ શુલ્ક આ એમઆઇટીસી પર હસ્તાક્ષર કર્યાની તારીખે લાગુ પડે છે. આ શુલ્ક ફેરફારને આધિન છે અને કંપનીની વેબસાઇટ (https://www.bajajhousingfinance.in/) પર ઉલ્લેખિત સુધારેલા શુલ્ક લાગુ થશે. કરજદાર સંમત થાય છે કે ઉપરોક્ત તમામ શુલ્ક જીએસટી (જો લાગુ હોય તો) અથવા અન્ય કોઈ સરકારી શુલ્ક હોય તો તે સિવાયના છે.

24. મહત્વના નિયમો અને શરતોનું પાલન ન કરવા બદલ કરાર પૂર્ણતા શુલ્ક ("સીપીસી"):

કંપની કરજદાર દ્વારા લોનના મહત્વના નિયમો અને શરતોનું પાલન ન કરવાની પરિસ્થિતિઓમાં કરાર પૂર્ણતા શુલ્ક વસૂલશે. કરાર પૂર્ણતા શુલ્ક વસૂલવા માટે તેમના સંબંધિત ટ્રિગર પોઇન્ટ અને શુલ્ક તેમજ બંધ કરવા સહિત વિવિધ પરિસ્થિતિઓ નીચે વિગતવાર આપેલ છે:

| અનુ. નંબર | મહત્વના નિયમો અને શરતો | ટ્રિગર પૉઇન્ટ | શુલ્કની વસૂલાત / બંધ કરવું | | સીપીસી (દર મહિને શુલ્કપાત્ર) * | |
|---|---|---|---|---|---|---|
| | | | | | (રૂ.) | |
| 1 | જ્યાં પણ લાગુ પડે ત્યાં, ટાઇટલ ડૉક્યુમેન્ટ / સિક્યોરિટી પર્ફેક્શન ડૉક્યૂમેન્ટ / એમઓડીટી / એમઓઇ / ગીરોખત / આરઓસી નિર્માણ શુલ્ક સબમિટ ન કરવું | પ્રથમ વિતરણની તારીખથી 90 દિવસ | વસૂલાત | કેટેગરીમાં કોઈપણ એક અથવા બધા ભાગનું પાલન ન કરવા પર | હોમ લો (એચએલ)/સંપત્તિ સામે લોન (એલએપી) | 3,000/- |
| | | | | | ટૉપ અપ/ અસુરક્ષિત | - |
| | | | બંધ કરવું | સમાપ્તિની તારીખથી આગામી કેલેન્ડર મહિનો | - | - |
| 2 | જ્યાં પણ વર્તમાન મેન્ડેટ અમાન્ય / અમાન્ય / નિષ્ક્રિય / બેંક એકાઉન્ટ બંધ / બેંક એકાઉન્ટ ફ્રીઝ કરેલ છે/ અન્ય તકનીકી સમસ્યા છે, ત્યાં સુધારેલ એનએસીએચ / ઇસીએસ ડેબિટ મેન્ડેટ રજિસ્ટ્રેશન સબમિટ ન કરવું | 90 દિવસના સમયગાળા માટે મેન્ડેટ રજિસ્ટ્રેશનની સમસ્યાનું નિવારણ ન થવું | વસૂલાત | કેટેગરીમાં કોઈપણ એક અથવા બધા ભાગનું પાલન ન કરવા પર | એચએલ/એલએપી | 1,000/- |
| | | | | | ટૉપ અપ/ અસુરક્ષિત | 600/- |
| | | | બંધ કરવું | સમાપ્તિની તારીખથી આગામી કેલેન્ડર મહિનો | - | - |
| 3 | 90 દિવસની અંદર કેવાયસી-ઓવીડી સબમિટ ન કરવું (જ્યાં ડી-ઓવીડી વિતરણ સમયે સબમિટ કરવામાં આવ્યું હતું). | પ્રથમ વિતરણની તારીખથી 90 દિવસ | વસૂલાત | અનુપાલન ન કરવા પર | એચએલ/એલએપી / ટૉપ અપ / અસુરક્ષિત | 500/- |
| | | | બંધ કરવું | સમાપ્તિની તારીખથી આગામી કેલેન્ડર મહિનો | - | - |

| અનુ. નંબર | મહત્વના નિયમો અને શરતો | ટ્રિગર પૉઇન્ટ | શુલ્કની વસૂલાત / બંધ કરવું | | સીપીસી (દર મહિને શુલ્કપાત્ર) * (રૂ.) | |
|---|---|---|---|---|---|---|
| 4 | જ્યાં પણ લાગુ પડે ત્યાં રિ-કેવાયસી ડૉક્યુમેન્ટ સબમિટ ન કરવામાં આવે. | રિ કેવાયસી માટેની 1st સૂચના પ્રાપ્ત થયાથી 90 દિવસ | વસૂલાત | અનુપાલન ન કરવા પર | એચએલ/એલએપી / ટૉપ અપ/ અસુરક્ષિત | 500/- |
| | | | બંધ કરવું | સમાપ્તિની તારીખથી આગામી કૅલેન્ડર મહિનો | - | - |
| 5 | લોન એગ્રીમેન્ટ અથવા મંજૂરી પત્રમાં વ્યાખ્યાયિત કોઈપણ નિયમો અને શરતો, પ્રતિનિધિત્વ, વોરંટી, કરારનું પાલન ન કરવા પર અથવા ડિફૉલ્ટની કોઈપણ ઘટનાના કિસ્સામાં | પ્રથમ વિતરણની તારીખથી 90 દિવસ | વસૂલાત | કેટેગરીમાં કોઈપણ એક અથવા બધા ભાગનું પાલન ન કરવા પર | એચએલ/એલએપી | 3,000/- |
| | | | | | ટૉપ અપ/ અસુરક્ષિત | 500/- |
| | | | બંધ કરવું | સમાપ્તિની તારીખથી આગામી કૅલેન્ડર મહિનો | - | - |

*ઉપર દર્શાવેલ શુલ્ક આ એમઆઇટીસી પર હસ્તાક્ષર કર્યાની તારીખે લાગુ પડે છે. આ શુલ્ક ફેરફારને આધિન છે અને કંપનીની વેબસાઇટ (https://www.bajajhousingfinance.in/) પર ઉલ્લેખિત સુધારેલા શુલ્ક લાગુ થશે. કરજદાર સંમત થાય છે કે ઉપરોક્ત તમામ શુલ્ક જીએસટી (જો લાગુ હોય તો) અથવા અન્ય કોઈ સરકારી શુલ્ક હોય તો તે સિવાયના છે.

25. વિલંબિત ચુકવણી પર વ્યાજ- બાકી ઇએમઆઇ પરનું વ્યાજ નિયત તારીખથી સુધારણા (રેમીડીએશન) ની તારીખ સુધી વણ ચૂકવેલ હપ્તાની રકમ પર વસૂલવામાં આવશે અને તે ઉક્ત લોન પર લાગુ વ્યાજ દરે વસૂલવામાં આવશે. આ વ્યાજ ચક્રવૃદ્ધિ કરવામાં આવશે નહીં.

## પૂર્વ-ચુકવણી શુલ્ક

| બિઝનેસના હેતુ સિવાય વ્યક્તિઓ / બિન-વ્યક્તિગતને ફ્લોટિંગ દર લોન | | | |
|---|---|---|---|
| | ટર્મ લોન | ફ્લેક્સી ટર્મ લોન | ફ્લેક્સી હાઇબ્રિડ લોન |
| આંશિક પૂર્વ-ચુકવણી શુલ્ક | કંઈ નહી | કંઈ નહી | કંઈ નહી |
| સંપૂર્ણ પૂર્વ-ચુકવણી શુલ્ક | કંઈ નહી | કંઈ નહી | કંઈ નહી |
| ફ્લોટિંગ દર લોન: બિઝનેસના હેતુ માટે વ્યક્તિઓ / બિન-વ્યક્તિગતને<br>ફિક્સ્ડ દર લોન: તમામ કરજદારો (વ્યક્તિઓ સહિત)** | | | |
| | ટર્મ લોન | ફ્લેક્સી ટર્મ લોન | ફ્લેક્સી હાઇબ્રિડ લોન |
| આંશિક પૂર્વ-ચુકવણી શુલ્ક | આંશિક ચુકવણી પર 2% * | કંઈ નહી | કંઈ નહી |
| સંપૂર્ણ પૂર્વ-ચુકવણી શુલ્ક | બાકી રહેલ મુદ્દલ / બાકી રહેલ ફ્લેક્સી ટર્મ લોન લિમિટ પર 4%* | ઉપલબ્ધ ફ્લેક્સી લોન લિમિટ પર 4%* | ફ્લેક્સી વ્યાજ માત્ર લોનની પુનઃચુકવણી મુદત દરમિયાન મંજૂર રકમના 4%*; અને ફ્લેક્સી ટર્મ લોન મુદત દરમિયાન ઉપલબ્ધ ફ્લેક્સી લોન લિમિટ પર 4%* |

* પૂર્વ ચુકવણી શુલ્ક ઉપરાંત લાગુ જીએસટી કરજદાર દ્વારા ચૂકવવાપાત્ર રહેશે.

** કરજદાર દ્વારા તેમના પોતાના સ્રોતોમાંથી બંધ કરેલ હાઉસિંગ લોન માટે શૂન્ય(કંઈ નહીં). આ હેતુ માટે "પોતાના સ્રોતો" નો અર્થ એ છે કે બેંક/એચએફસી/એનબીએફસી અને/અથવા નાણાંકીય સંસ્થામાંથી ઉધાર લીધા સિવાયનો અન્ય કોઈપણ સ્રોત

નોંધ: ડ્યુઅલ રેટ લોન (પ્રારંભિક સમયગાળા માટે ફિક્સ્ડ અને પછી ફ્લોટિંગ)ના કિસ્સામાં, ફોરક્લોઝર/આંશિક ચુકવણી ખર્ચ, ફોરક્લોઝર/આંશિક ચુકવણીના દિવસે લોન (ફિક્સ્ડ/ફ્લોટિંગ)ની સ્થિતિ મુજબ લાગુ થશે.

કૃપા કરીને બીએચએફએલ તરફથી મેળવેલ લોનના બિઝનેસ હેતુ અથવા અન્ય હેતુઓ પર વર્ગીકરણ માટે 'લોનનો હેતુ' પર ઉપરોક્ત વિભાગનો સંદર્ભ લો

વધુમાં, હાલના નિયમો અને શરતો ઉપરાંત નીચેની શરતો લાગુ પડશે:

A. **પૂર્વ-ચુકવણી માટેની શરતો**

1. વર્તમાન મહિનાની 25 તારીખથી આગામી મહિનાની 3 તારીખ (બંને દિવસ સહિત) સુધીમાં ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા કરેલ આંશિક ચુકવણી/ફોરક્લોઝરને બાદ કરતા સમગ્ર મહિના દરમિયાન કરજદાર(ઓ) દ્વારા

BAJAJ FINSERV

કરેલ આંશિક ચુકવણી / ફોરક્લોઝરને સ્વીકારવામાં આવે છે. અહીંથી સ્પષ્ટ કરવામાં આવે છે કે ઉપરોક્ત પ્રતિબંધ ઋણ લેનારાઓને લાગુ પડતો નથી જેઓ અન્ય કોઈ પદ્ધતિઓ દ્વારા ચુકવણી કરે છે.

2. ફોરક્લોઝર પત્ર જારી કરવું: વિનંતીની તારીખથી 21 દિવસ.
3. ફ્લેક્સી ટર્મ લોન અને/અથવા ફ્લેક્સી હાઇબ્રિડ લોનના આંશિક પૂર્વ-ચુકવણી શુલ્ક શૂન્ય રહેશે.

આ સાથે અહીં સ્વીકારવામાં આવે છે કે આ એમઆઇટીસીમાં લોનના કેટલાક મુખ્ય નિયમો અને શરતો સામેલ છે અને તે કરજદારને આ પહેલા કોઈ એમઆઇટીસી પ્રાપ્ત થયેલ હોય તો તેને સુપરસીડ કરે છે. વધુમાં, અહીં પક્ષો બિનશરતી રીતે લોન એગ્રીમેન્ટ અને તેમના દ્વારા અમલમાં મુકવામાં આવતા અન્ય સુરક્ષા ડૉક્યૂમેન્ટને રેફર અને તેના પર વિશ્વાસ કરવા માટે સંમત થાય છે.

કરજદાર સ્વીકારે છે કે તેમણે સૌથી મહત્વપૂર્ણ નિયમો અને શરતો ધરાવતા તમામ 19 પેજ વાંચ્યા અને સમજી લીધા છે અને તેનો પુરાવો આપતા એમઆઇટીસીના પ્રથમ અને અંતિમ પેજ પર તેમના હસ્તાક્ષર / સામાન્ય સીલ લગાવી રહ્યા છે. કરજદાર વધુમાં સંમત થાય છે અને કન્ફર્મ કરે છે કે કરજદારોએ એમઆઇટીસીના દરેક પેજ પર હસ્તાક્ષર કરવાની જરૂર નથી અને એમઆઇટીસીના પ્રથમ અને અંતિમ પેજ પરના હસ્તાક્ષર પર્યાપ્ત છે.

ઉપરોક્ત નિયમો અને શરતો કરજદાર/ઓ દ્વારા વાંચી લીધા છે અથવા બીએચએફએલનાં શ્રી/સુશ્રી./શ્રીમતી.______________________________________ દ્વારા કરજદારને વાંચી સંભળાવ્યા છે અને કરજદાર દ્વારા સમજી લેવામાં આવ્યા છે.

***અંગ્રેજી અને સ્થાનિક ભાષાની વચ્ચે કોઈ અસંગતતા હોય તો અંગ્રેજી ભાષા અંતિમ ગણાશે.*

⊗
**(કરજદારોની હસ્તાક્ષર અથવા અંગુઠાની નિશાની)**
**કરજદાર(ઓ)નું નામ:**

⊗
**(બીએચએફએલનાં અધિકૃત પ્રતિનિધિના હસ્તાક્ષર)**
**અધિકૃત હસ્તાક્ષરકર્તાનું નામ**

**તારીખ** **સ્થાન**

**નોંધ: એમઆઇટીસીની ડુપ્લિકેટ કૉપી કરજદાર/રોને આપી દેવી જોઈએ**